# 4. ભાવનગર રાજ્યમાં સમાચારપત્ર - પ્રવૃત્તિ

**પ્રસ્તાવના :**

ભાવનગરના પત્રકારત્વના આરંભના પાયામાં 'મનોરંજન રત્નમાળા નામનું પત્ર રહેલું હતું. જે મિરઝા મુરાદઅલી નામના એક ઇટાલિયન ભાવનગર આવીને વસે છે અને તે 'મનોરંજક રત્નમાળા નામનું પત્ર શરૂ કરે છે. ત્યારબાદ 'પ્રિયંવદા' નામનું સ્ત્રી વિષયક પત્ર મણિલાલ નભુભાઈ દ્વિવેદી શરૂ કરે છે. જેમાં તેનો વાચક વર્ગ સ્ત્રીઓ હતી.'ખેડૂત' નામના સામાયિકની ભાળ મળી આવે છે . જેના સર્જક (1887) દુર્લભરામ રામજી જાની હતા. જેમાં કૃષિને લગતી માહિતિ પીરસવામાં આવતી. ત્યારબાદ 'કૌમુદી' નામનું સામાયિક વિજયરામ વૈદ્ય શરુ કરે છે. જે સાહિત્યલક્ષી પત્ર હતું. 'ભાવનગર સમાચાર' નામનું પત્ર જયંતિલાલ મોરારજી મેહતા એ શરૂ (1940) કર્યું હતું. આમ, ભાવનગરના પત્રકારત્વ જગત માં તેનો આરંભ અને વિકાસ થયો હતો.

શ્રી જૈનધર્મ પ્રકાશન જે [1886] ભાવનગરથી માસિક સ્વરૂપે પ્રગટ થતું હતું. જેમાં ધર્મો વિષેના સમાચારો છાપવામાં આવ્યા હતા. તેનાથી વધુ માહિતિ પ્રાપ્ત થતી નથી.

## 4.1 ભાવનગરમાં પત્રકારત્વ

### 4.1.1 મનોરંજન રત્નમાળ:

સૌરાષ્ટ્ર ને પ્રથમ પત્ર આપવાનો દાવો ભાવનગર પણ નોંધાવે છે. તેમ છતાં જૂનાગઢમાં પ્રગટેલું 'સૌરાષ્ટ્ર દર્પણ ને સૌરાષ્ટ્ર નું પ્રથમ નોંધપાત્ર પત્ર ગણવામાં આવે છે. જૂનાગઢની જેમજ એ અરસામાં ભાવનગરમાં પણ સાહિત્ય અને સંસ્કારનું વાતાવરણ સારૂ એવું જામેલું; ત્યાં આની પાછળ દક્ષિણ ગુજરાતમાં ચાલતી નર્મદની ઝુંબેશની સીધી અસર હતી. નર્મદ પોતે ભાવનગરની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી અને ભાવનગરના ઘણા વિદ્વાનો નર્મદથી પ્રભાવિત થયેલા અને સાથે સંપર્કમાં રહ્યા હતા. નર્મદ એ અરસામાં 'ડાંડિયો' સામયિક ચલાવતા અને એના માધ્યમ દ્વારા સુધારાની પોતાની ઝુંબેશનો પ્રચાર કરતા એમાંથી પ્રેરણા લઈને ભાવનગરમાંથી એ સમયે 'મનોરંજક રત્નમાળ' નામનું માસિક પણ શરુ કરેલું.

શ્રી ગણપતભાઈ રા. રતિલાલ અને મીરઝા મુરાદઅલીએ ત્રણ ગૃહસ્થો દ્વારા 'મનોરંજન રત્નમાળ' નામનું માસિક પત્ર પ્રગટ કરવામાં આવ્યું હતું. તેનો સ્થાપનાનો કોઈ ચોક્કસ સમયગાળો મળતો નથી. પરંતુ નર્મદનું "ડાંડિયો" [1864 ના ઓક્ટોબર માસમાં] શરુ થયા. એના થોડા અંકો નીકળી જાય, લોકપ્રિય થાય અને એ પછી એની અસર જોઇને ભાવનગર થી 'મનોરંજન રત્નમાળ' શરુ કરવાનો વિચાર આકાર લે એ વધુ સ્વાભાવિક છે. પત્રની તૈયારીમાં પણ થોડો સમય જાય જ. એટલે 'મનોરંજન રત્નમાળ' [1965-66 પછી ના અરસામાં] આવ્યું હોય એમ માનવાને કારણ રહે.

મિરઝા મુરાદઅલી એ મૂળ યુરોપિયન ના જેમનું મૂળ નામ ગોડોલ્ફિન મિતફર્ડ હતું. ઇટાલિયન સ્વાતંત્ર્ય સંગ્રામમાં એમણે ભાગ લીધો હતો. એક ઇટાલિયન લશ્કરી જવાન ભારત આવે ઇસ્લામ ધર્મ અંગીકાર કરે અને ભારત ના પશ્ચિમ ખૂણે આવેલા ભાવનગરમાં આવી વસે ત્યાં સાહિત્યની સંસ્થા ચલાવે અને પછી છાપું કાઢે, એ બધી ઘટનોઓ આજે તો આશ્ચર્ય અને તાજુબની જ પ્રતિક્રિયા જન્માવે છે. મિરઝા ભાવનગરમાં કેળવણી ખાતામાં નોકરી કરતા હતા. સૌરાષ્ટ્રમાં એક તરફ જૂનાગઢમાં મણિશંકર કિકાણીએ 'જ્ઞાનગ્રાહક સભા' સ્થાપી, તો બીજી તરફ ભાવનગરમાં મિરઝા મુરાદઅલીએ પણ એવી જ એક સંસ્થા 'વિધોતેજક સભા' માં પિતામ્બરદાસ મેહતા અને બીજા મિત્રો સામેલ હતા. છગનભાઈ દેસાઈ પ્રમુખ થયા હતા. 'મનોરંજક રત્નમાળ' કાઢવામાં મિરઝા ઉપરાંત ગણપતરામભાઈ ઓઝા અને રતિલાલ દેસાઈ જોડાયેલા હતા. માનશંકર પિતામ્બર મહેતા એ 'નર્મદ શતાબ્દી' ગ્રંથમાં લેખ લખ્યો છે. (પૃ. 236) તેમાં એવો દાવો કર્યો છે કે,' કાઠિયાવાડમાં તે માસિક પ્રથમ જ હતું. 'પણ વાસ્તવમાં એ પેહલા જૂનાગઢ થી મણિશંકર કિકાણીએ 'સૌરાષ્ટ્ર દર્પણ' શરુ કરી દીધું હતું. 'મનોરંજક રત્નમાળ' એ ભાવનગર નું પ્રથમ અને સૌરાષ્ટ્ર નું બીજું પત્ર ચોક્કસ કહી શકાય અને મિરઝા મુરાદઅલીને સૌરાષ્ટ્ર ના આદ્ય પત્રકારોમાં નિ:સંકોચ મૂકી શકાય."[1]

વિજયરામ વૈદ કહે છે કે 'મનોરંજક રત્નમાળ' ગુજરાતી ઉપરાંત અંગ્રેજી અને ઉર્દુમાં પણ લેખો છાપતું હતું. અલબત, ઉર્દુના લખાણની લિપિ તો ગુજરાતી જ રહેતી. મિરઝાનો પિતા મિટફુર્ડ ઈટાલીમાં ગેરીબાલ્ડી ના સૈન્ય માં હતા. એમને ઇટાલીની સ્વતંત્રતા વિષેના પિતાના ખ્યાલોનો વારસો એમને મળ્યો હતો. પરિણામે છેક [1868ના અરસામાં] મુરાદઅલીએ હિંદસ્વરાજની હિમાયત કરતા લેખો લખવા માંડેલા ! જે સમયમાં અંગ્રેજ શાસન નો વિરોધ કરતો સૂર ક્યાંયથી નીકળતો નહતો, આવા સમયે આવી હિમાયત કરવી એ મોટું જોખમ જ કેહવાય, અને આ જોખમ ખેડવા ને લીધે જ

મિરઝા પ્રથમથી જ અંગ્રેજોની આંખે ચડી ગયા હતા. ઈચ્છારામ દેસાઈએ મિરઝા મુરાદઅલીને "આ દેશ માટે મોટું અભિમાન ધરાવનાર" તરીકે ઓળખાવ્યા છે.

એ પ્રકારના લખાણની એ જમાનામાં વિરલતા જોઇને જ 'મનોરંજન રત્નમાળ' નામે માસિકમાં એના પેહલા અંકમાં દેશપ્રેમ તથા રાષ્ટ્રીયતા જગાડે તેવુંજ હતું. તે ઉપરથી નર્મદ ગણપતરામ પરના 21 મી ઓગસ્ટ 1868 ના પત્રમાં લખે છે:

"મોટી ખુશાલી છે કે દેશી રાજ્યમાં રાજ્યાશ્રયથી એ ચોપાનિયું નીકળ્યું છે. એમાં દેશપ્રીતિના વિષયો, દેશાભિમાની પુખ્તવિદ્વાનોના વિચારને જુસ્સાથી લખશે એવી આશા રાખું છું. "[2] નર્મદ મિરઝાને દોસ્ત માનતા હતા અને તેના કામોથી તે ઘણા ખુશ હતા.

નર્મદના ડાંડિયામાં નગરોના રિવાજોની ટીકા કરવામાં આવતી. તેમ 'મનોરંજક રત્નમાળ' માં ભાવનગરના રાજવીનો કે એના કોઈ પગલાનો પ્રત્યક્ષ વિરોધ ન કર્યો, તેમ રાજ્યની કોઈ નીતિની પ્રત્યક્ષ ટીકા કરી નથી. માત્ર નગરજ્ઞાતિના કેટલાક રિવાજોની ટીકા થઇ અને ભાવનગરના દિવાન ગગાભાઈને એ ન ગમ્યું. આ પત્ર એમની હકૂમતમાં આવતું હતું. એટલે એની ઉપર રાજકોટથી એજન્સી મારફતે પગલું લેવડાવવામાં આવ્યું. અને એ પત્ર બંધ કરવાનો હૂકમ કરવામાં આવ્યો. મિરઝા મુરાદઅલીએ 'ઓન ધ માંઉંટન્ટ ટોપ' માં અને 'લાલન ધ બૈરાગન ' નામના બે પુસ્તકો પણ લખ્યા છે. 'ઓન ધ માંઉંટન્ટ ટોપ' નામની વાર્તા લખતા તે વખતમાં સરકાર લખાણ સહન ન કરી શકે તેમજ છેવટના અંકમાં સ્વ. રતિલાલભાઈ એ 'જીકાકા એ કોણ છે? એ નામનો હાસ્યાત્મક લેખ લખ્યો હતો. તેમાં તેઓએ નગરજ્ઞાતિના રીત રિવાજોની અને તે સમયે વૃધ્ધ અગ્રણીઓની બહુ મશ્કરી કરી હતી. તેના કારણ માસિક બંધ થયું તેવું નથી પણ એ ઉપરાંત મિરઝામુરાદની લેખમાળામાં પણ નીડરતાથી બ્રિટીશરાજ્યની ટીકા કરાયેલી અને દેશપ્રેમની વાતો લખાયેલી એ તથ્યને પણ આને માટે કારણભૂત ગણવું જોઈએ તેમ યાસીન દલાલનું માનવું હતું.

માનશંકર મેહતા 'મનોરંજક રત્નમાળા' ના દસ અંકો નીકળેલા એમ કહે છે, તે દસ અંકો [ઓગસ્ટ 1886 થી મે 1869 સુધીમાં] નીકળ્યા હશે તેમ પણ વિજયરાય અનુમાન કરે છે."[3]'મનોરંજક રત્નમાળ' ગુજરાત અને મુંબઈ સુધી સારો આવકાર પામ્યું હતું.

જેને નર્મદ પોતાના દોસ્ત કહ્યાછે તે મિરઝા મુરાદઅલી બેગને ગોવર્ધનરામ મહાપ્રજાઓના લાક્ષણિક દ્રષ્ટાંતવાળા [1893] ના વ્યાખ્યાનમાં એક સ્થળે 'મ્હારો વિદ્વાન

મિત્ર મુરાદઅલી' એમ પ્રજાના સામાજિક વિકાસનો સિદ્ધાંત વિચારતા ઓળખાવેલા છે. તથા માનશંકર મેહતાએ 'વિદ્યાવિલાસી' અને વિદ્વાન ગણાવ્યા છે. મિરઝામુરાદઅલીએ ભાવનગર નિવાસ દરમ્યાન એમણે છગનલાલ દેસાઈ અને રતિલાલ દેસાઈ તથા મિરઝા ગણદેવી ગયા ત્યારે નર્મદ એમને ત્યાં મળવાગયા હતા. નર્મદે એમની સાથે ચર્ચા કરી, એના પરથી એને લાગ્યું કે 'મનોરંજક રત્નમાળા' થોડા સમયમાં ફરી શરુ કરશે. પણ નર્મદની એવી આશા ફળીભૂત થઇ નહિ અને મિરઝા મુરદઅલીનો ભવ્ય પુરુષાર્થ એળે ગયો.

'મનોરંજક રત્નમાળા' જો ચાલુ રહ્યું હોત તો ચોક્કસ એની ભાત 'સૌરાષ્ટ્રદર્પણ'થી જુદી હોત. ભાવનગરમાં વિદ્યાવ્યાસંગનું વાતાવરણ જમાવવામાં તથા સમાજસુધારણા અને સ્વતંત્રતાના વિચારો પ્રસરાવવામાં આ માસિકપત્રનો ફાળો મૂલ્યવાન ગણાય. તેનો ટૂંકો ઈતિહાસ હોવાછતાં પણ રોમાંચક છે. એ સત્યની નોંધ લેવી રહી એની સંપાદકમંડળી દેશપ્રેમી અને સુધારાવાદી તથા ઉમદાવાદી વિચારો વાળી હતી. એ જોતા એ ચાલુ રહ્યું હોત તો કદાચ ઈતિહાસ જૂદોજ બન્યો હોત.

આમ છેક ઈટાલીથી ભારતમાં પશ્ચિમના ખૂણે આવેલા ભાવનગર આવીને વસેલા એક વિદ્વાન સાહિત્યકાર અને પત્રકારત્વનું અવસાન 1873ના જૂલાઈ મહિનામાં થયેલું; એમ વિજયરાય નોંધે છે.

### 4.1.2 પ્રિયંવદા

ભાવનગરમાં ઈ.સ 1885ના ઓગસ્ટની પ્રથમ તારીખે 'પ્રિયંવદા ' પ્રગટ થયું. આ માસિકપત્ર શરૂ કરનાર સુપ્રસિધ્ધ સાક્ષર મણીલાલ નાનુભાઈ દ્વિવેદી હતા. 'પ્રિયંવદા ' એ સ્ત્રીઅઓને ઉદેશીને માસિક પ્રગટ કરવામાં આવ્યું. જેમાં પ્રથમ પાના પર જ એનો ઉદેશ આ મુજબ સ્પષ્ટ કરવામો આવ્યો.

આ પત્રનો ઉદેશ જણાવવામાં આવેલો જ છે. તથાપિ તેની સવિશેષ હકીકત જણાવવી યોગ્ય લાગે છે. વર્તમાન સમયાનુકૂલ સર્વદા પત્રો, ચોપાનિયા વગેરે પ્રગટ થતા જાય છે, ને થશે. તે સર્વના પ્રયત્નથી જુદી જુદી બાબતોમાં જુદી જુદી તરહના ફેરફાર થઇ શકે છે. ધર્મ, રાજ્ય, સંસાર એ સર્વનો આધાર 'ઘર' ઉપર રહેલો છે. આ ઘર ને જ ઉદ્દેશીને આજ સુધી ઘણા પત્રો પ્રકટ થયા છે. ને તેમાં વળી તે ઘરનો સાર નારી તેના ખાસ ઉપયોગ માટે તો તેથી પણ થોડા પત્ર નીકળે છે. એમ કહી શકાય. અમારો ઉદ્દેશ આ ઉપરથી એમ ન સમજવો કે અમારા પત્રમાં પુરુષોના ઉપયોગનો કે તેમને

રંજન કરે તેવો વિષય આવશે જ નહિ. 'પ્રિયંવદા' પોતાની પ્રિયંવદાની રીતિથી સર્વને રંજન કરશે. પણ પોતાની સખીઓના તરફ તેની દર્ષ્ટિ વિશેષ રહેશે ખરી: તેમના કલ્યાણમાં તેમના હૃદય સમજવામાં તેમેને સમજાવવામાં મુખ્ય પ્રયત્ન કરવો એ પોતાનો ધર્મ માનશે ખરી.

'પ્રિયંવદા' એ મુખ્યત્વે સ્ત્રીઓંના પ્રશ્નોની ચર્ચા કરતુ માસિક હતું. અને તેમાં મુખ્યત્વે સ્ત્રીઓની  સામાજિક સ્થિતિ ઊંચી લાવવાનો ઉદેશ સમાયેલો હતો. પરંતુ લખાણો પાંડિત્યસભર અને કયાંક આડંબરી છે. સાધારણ ભણેલી વ્યક્તિ અને ખાસ તો જે વર્ગને નજર સમક્ષ રાખીને સામાયિક શરુ કરાયું એ સૌરાષ્ટ્રની સ્ત્રીના મગજમાં આ લખાણ ઊતરી શકે કે કેમ એ પ્રશ્ન છે. કારણકે આ સમયે સ્ત્રીઓનો સાક્ષર વર્ગ ખૂબ જ ઓછો હશે. હાલની ૨૧મી સદીમાં પણ ભારતના કેરળ રાજ્ય સિવાય બીજા રાજ્યોમાં સ્ત્રી સાક્ષરનું પ્રમાણ ઘણું નિમ્ન કક્ષાનું રહેલું છે. જો કે તેમાં બદલાવ આવી રહ્યો છે. મણિલાલની ભાષાની શૈલી પાંડિત્ય સભર હતી. તેના લીધે થોડા સમયમાં જ 'પ્રિયંવદા' ના મહિલા વાચક વર્ગે ફરિયાદ કરી કે અમને એની ભાષા સમજાતી નથી. એક સ્ત્રીએ તો આ પ્રમાણે કાવ્ય રચીને મોકલ્યું.:-

"પ્રિયંવદા તારું બોલેલું પ્રિય ઘણું મુજને લાગે
પણ સમજુ નહિ પૂરેપૂરું સંશય તેથી નવ ભાગે
વિચાર તારા છે બહુ સારા પણ પૂરી અજ્ઞાની હું,
ઠસી શકે નહિ તેથી મન પર મન સત્ય એ વાણીતું
ભણી ગણી તું બી.એ. એમ. એ. બી.સી. હું નવ જાણું
તું જેવીની વતી ઠસવા નથી હજી મળિયું ટાણું
મોર કરી માટે તું મુજબ પર ધીરે ધીરે સમજાવે,
સરલ લખી ગુજરાતી શબ્દો તો અક્કલ કંઈક આવે "[4]

કાવ્ય રચનાર મહિલાનો તાત્પર્ય એ છે કે સાધારણ ભણેલી મહિલાઓ માટે 'પ્રિયંવદા' ની ભાષા ઘણી અઘરી છે. મહિલા વાચકને સમજાય. વાચકોએ ઉઠાવેલા વાંધાનો જવાબ આપ્યો છે. આ જવાબમાં આક્રમકતા વધુ જણાય છે. અને ટીકાકારને સંતોષ થાય એવા મુદ્દાઓ વડે એમને એમની વાત ગળે ઉતારવાનો પ્રયત્ન ઓછો દેખાય છે. એમણે એક બે સ્થળે તો આ ટીકાકારોને અજ્ઞાની કહીને ઉતારી પાડવાનો પ્રયત્નો પણ કર્યો છે. મણીભાઈ આમ પણ પોતાના લખાણોની સંસ્કૃતપ્રચુર ભાષા માટે ટિકાપાત્ર બનેલા એ વાત ખુબ જાણીતી છે. આથી મણીભાઈ ની ભાષા માટેની ટીકા

નવી ન હતી. સર્વ લોકોને સામાન્ય એવી ગુજરાતી શૈલી સંસ્કૃત શબ્દોવાળી હોય જ એ દલીલ એમના વાચકોને ગળે ઉતારી હશે કે કેમ એ પ્રશ્નજ છે વાચક વર્ગને સમજાય તેવા સરળ શબ્દોમાં લખાણ કરવું જોઈએ. વાચક વર્ગને વધુ સારી રીતે સમજાય નહિ તો તેનો કોઈ અર્થ રેહતો નથી.

પ્રિયંવદા નું છાપકામ  " નડિયાદ, ન્યુ ગુજરાત પ્રેસમાં કરવામાં આવતું. કારણ કે મણીભાઈ નભુભાઈ નડિયાદના વતની હતા. આથી પ્રિયંવદા નું છાપકામ નડિયાદ માં રાખ્યું હોય એ સ્વાભાવિક છે.

ભાવનગરમાં તેમની તબિયત વારંવાર ખરાબ રહેતી હતી.આથી તેઓ 1890માં નડિયાદ ચાલ્યા ગયા. અને ત્યાં ‘સુદર્શન’ નામે પત્ર ચાલુ કર્યું. ભાવનગર માં પ્રિયંવદા પાંચ વર્ષ સુધી ચાલ્યું. આજના ભપકાદાર મહિલા સામાયિક પૂર્તિઓ પાસે પ્રિયંવદા શુષ્ક લાગે પણ એનું મૂલ્યાંકન એના જમાના વલણોના સંદર્ભમાં કરવું જોઈએ તે સમયે માત્ર સ્ત્રીઓ વિશે સામાયિક ચલાવવું એ ચોક્કસ એક સાહસિક કદમ જ હતું.

**4.1.3 ખેડૂત:**

શ્રી દુર્લભરામ રામજી જાની નામના ખેતીવાડી ખાતાના એક અધિકારીએ 1887માં ભાવનગરથી જ 'ખેડૂત' નામથી એક સંપૂર્ણ કૃષિસમાયિક શરુ કર્યું. એ ઘટના જૂનાગઢ પછી ભાવનગર સૌરાષ્ટ્રના પત્રકારત્વના ઈતિહાસમાં આપેલા ફાળાની ચાડી ખાય છે. તેવા સમયે ખેતી જેવા વિષય ઉપરનું ખાસ સામાયિક સૌરાષ્ટ્રમાંથી પ્રગટ થાય એ સૌરાષ્ટ્ર નું ગૌરવ લઇ શકે એવી બાબતો છે. સ્ત્રીઓના માટે ખાસ સામાયિક નીકળે પણ કૃષિના જ લેખો પ્રગટ કરતુ સામાયિક ચલાવવાનો વિચાર પણ ત્યારે નવો અને ક્રાંતિકારી ગણાય. 'ખેડૂત'ના મુખપૃષ્ઠ ઉપરથી જ 'ખેતી તથા બગીચા ' સબંધી માસિક પુસ્તક એવી સૂચના છાપવામાં આવી તે દર્શાવે છે કે એના તંત્રીનો ઝુકાવ કઈ દિશા માં હતો. સાહિત્ય કે સંસ્કારની કે સમાજ સુધારાની કોઈ વાત અહી નથી.

"કોઈ પૂછે ભારતનું સૌપ્રથમ કૃષિપત્ર કયું? તો શો જવાબ આપશો?

- દુર્લભજી જાની નામના બાગાયત અધિકારીએ છેક 1885 માં પ્રસિધ્ધ કરેલું 'ખેડૂત' તે સામાયિક નો દરેક અંક આજના દિવાળી અંકો જેટલા દળદાર હતો.[5]

ખેડૂત સંપૂર્ણપણે બાગાયતના પ્રશ્નોને જ ચર્ચાતું હતું. એક અંકની સામગ્રી પર નજર કરીએ. (મે અને જુન 1890)

૧. જંગલી કેળાના રસ

૨. ઢોર વૈદું

૩. ટેપી ઓકા

૪. બાગાયત પ્રકરણ

૫. પસંદ કરેલા ઉત્તમ બીયા

૬. ખેડના તુકકા તથા કેહવતો

૭. મુંબઈ ઇલાકાના ખેડ ખાતાનો વાર્ષિક રિપોર્ટ

૮.પત્રવ્યવહાર

૯. પરચૂરણ

પાંચમાં વર્ષની વર્ષગાંઠ સમયે એક તંત્રીલેખ લખેલો જેમાં તેઓ નો ઉલ્લેખ છે કે લંડન થી તેમના મિત્ર પાસેથી વિષય ને લગતા ચિત્રો મંગાવીને છાપવાની એની મેહનતમાં દેખાઈ આવે છે. તથા એક વાત તેના લેખમાં કહી છે જે આજે પણ તેવી જ સ્થિતિ ગણાવી શકાય તેને કહ્યું કે રસભરી વાર્તા હોય, ટોળ ટીખળ હોય એવા લખાણો લોકો હોંશે થી વાચતા હોય પણ જ્યાં વિદ્યાની વાત આવે અને વાંચતા જરા વિચાર કરવો પડે ત્યાં તો વાંચનને નામે ઢાંકણું દેવાય આજની વર્તમાન સ્થિતિ પણ આવી જ છે. આજે લોકોને મસાલાયુકત, સનસનાટી ભર્યા જેવા સમાચારો વધુ વાંચવા ગમે છે. આજે શૈક્ષણિક રીતે આંકડામાં સુધાર આવ્યો છે. પણ વૈચારિક રીતે જોઈએ તેટલો સુધાર આવ્યો નથી તેમ માનવું રહ્યું. તેમજ આ માસિક રાજ્યાશ્રિત હતું. તેમ તંત્રી લેખમાં ઉલ્લેખ છે.

ડો. યાસિન દલાલ નોંધે છે. " આ માસિકના લેખો લખવામાં એના તંત્રી દુર્લભજી જાની સિવાય શ્રી નારાયણ હેમચંદ્રનો મોટો ફાળો જણાય છે. મોટા ભાગના અંકોમાં એમના એકથી બે લેખો જોવા મળે છે. ખેડૂત ના અંકમાં તેઓ ઢોરવૈદો ઉપર નિયમિત કોલમ ચાલવે છે. અને એ ઉપરાંત બાગાયત ઉપર પણ નિયમિત લખે છે. ફેબ્રુઆરી - માર્ચ 1891ના અંકમાં ખાતર વિષે મેહતાજી મગનલાલ નરોત્તમદાસ પટેલનો લેખ છપાયો છે.આમ, આ પત્રમાં લેખકોના નામ પણ સ્પષ્ટપણે મૂકેલા જણાય છે. પ્રિયંવદા કે સૌરાષ્ટ્ર દર્પણ કરતા આ પત્ર એ રીતે અલગ તરી આવે છે. પત્રના મોટા ભાગના અંકોમાં પ્રથમ લેખ વિશિષ્ઠ પ્રકારનો અને અગ્રલેખ છપાય છે. આ લેખને અંતે એના લેખકનો ખુલાસો જોવા મળતો નથી. સંભવ છે કે આવા બધા લેખો અને તેના તંત્રી શ્રી દુર્લભજી જાનીએ લખ્યા હોય.[6]

શ્રી દુર્લભ જાનીમાં કેટલી નમ્રતા હતી. તંત્રી પોતાની ટીકાને કેટલી મુકત રીતે છાપતા એનો એક નમુનો મે જુન 1880ના અંકમાં છપાયેલા એક ચર્ચા પત્ર માં મળે છે. ચર્ચા પત્ર લખનાર વ્યક્તિએ તંત્રી પર આરોપ મૂકતા લખ્યું કે 'ખેડૂત' ના તંત્રી ગુજરાતના કેળવણીખાતાથી ડરે છે. અને પત્રોનો ફેલાવો ઘટી જવાના ડરથી નીતિની બાબતમાં સમાધાન કરે છે. બીજા આરોપમાં દીલેપાખ્યાનમાં ગાયનો મહિમા હોવા છતાં એની ટીકા થઇ છે. અને એ ટીકાકારોના દબાણ હેઠળ 'ખેડૂત' ના તંત્રી આવી ગયા છે. તેમને એવી પણ ધમકી આપી હતી કે ખેડૂતની આ નીતિના વિરોધમાં તેઓ હવે, આ પત્રના અંગ્રેજી અનુવાદ દ્વારા દેશભરમાં અને પ્રસાર કરવાની યોજના માટે સહાય કરવાના હતા. તે હવે નહી કરે.

આ ટીકા થી જરાયે મિજાજ  ગુમાવ્યા વગર તંત્રી સ્પષ્ટતા કરે છે અને નિખાલસતાથી એકરાર પણ કરે છે. કે કેળવણી ખાતાના અભિપ્રાય થી તેઓ વિરુધ્ધ જવા માંગતા નથી .અને ગામડામાં પોતાના પત્ર નો ફેલાવો વધારવા માંગે છે. એમણે પોતાના કૃત્યનો ખોટી દલીલોથી બચાવ કરવાને બદલે નમ્રતાથી એની સ્પષ્ટતા કરે છે અને સાથે વાચકના સૂચનો નો પણ અમલ કરવાનો પોતે પ્રયત્ન કરશે એવી ખાત્રી ઉચ્ચારી હતી. તંત્રીની આવી તંદુરસ્તીભર્યા અભિપ્રાયને દાદ દેવી પડે.

ડો. યાસિન દલાલ નોંધે છે, કે 1890-91 ની ફાઈલ મળી આવે છે. તે જોતા જણાય છે કે ઓછામાં ઓછા ચાર થી પાંચ વર્ષ તો એ ચાલ્યું જ હશે. સૌરાષ્ટ્ર ની મોટા ભાગ ની પ્રજા ગ્રામ પ્રદેશમાં ખેતી અને બાગાયત પર નભે છે. દેશના મગફળી ના પાકનો બહુ મોટો હિસ્સો આ પ્રદેશમાં પેદા થાય છે. એના તંત્રીનો આ દિશામાનો ઉત્સાહ બિરદાવવા જેવો છે. આજના વર્તમાન પત્રોમાં તથા ખેતીને લગતા સામયિકો ઓછા જોવા મળે છે. તેમ છતાં સંદેશ અખબારે 'એગ્રો સંદેશ ' નામનું ચોપાનિયું પ્રગટ કર્યું છે તે સારી બાબત છે.

### 4.1.4 કૌમુદી

તત્કાલીન ગુજરાત માં [1924] સાહિત્યસભર 'કૌમુદી' નામનું ત્રિમાસિકનો પ્રારંભ થાય છે. 'કૌમુદી' ચાલુ કરવાનો શ્રેય વિજયરાય વૈધ ને પ્રાપ્ત થાય છે. એમણે 'ચેતન' નું સહતંત્રી પદ શોભાવ્યું હતું અને પછીથી 'હિન્દુસ્તાનના' ઉપતંત્રી પદે રહેલા. 'ગુજરાત', 'યુગધર્મ' વગેરે પત્રોમાં પણ તેમણે કામગીરી બજાવેલી. આમ પત્રકારત્વના પદે જુદા જુદા અંગોનો સારો એવો અનુભવ એમણે મેળવેલો હતો. પણ મૂળ વલણ

સાહિત્ય તરફ ઢળતું એટલે એમણે પોતે સાહિત્યિક સામાયિક ચલાવવા દ્રષ્ટિ કેળવીને 'કૌમુદી' નામનું ત્રિમાસિક નો આરંભ કર્યો.

વિજયરાય વૈધ નો વરતેજમાં ભરાયેલી રાજપૂત પરિષદ દરમિયાન અમૃતલાલ શેઠ અને ઝવેરચંદ મેઘાણી ના સંપર્કમાં આવ્યા હતા. અમૃતલાલ 'ગુજરાત અને ચેતન' નામના વિજયરાયના લેખોથી વાકેફ હતા. અમૃતલાલ તેમને રાણપુર લઇ ગયા. અને તેમને રશિયા વિષે ના ૨૫ પુસ્તકો આપી ને તેના પર લખાણ તૈયાર કરવાનું કહ્યું. તેમના માટે એડવાન્સમાં સો રૂપિયા આપ્યા. વધુ પૈસા મંગાવ્યા તોય મોકલાવ્યા ત્યારે તેમને પૈસાની જરૂર પણ હતી. પણ એમણે તો સ્વતંત્ર પત્ર શરૂ કરવાની લગની લાગેલી એટલે 'કૌમુદી' નું પ્રકાશન એમણે એ જ સાલ માં શરુ કર્યું. અને 'સૌરાષ્ટ્ર' માટે લખવાનું કામ બાકી રહી ગયું. ઉછીના પાછીના લાવીને અને છેલ્લે છેલ્લે તો 'સૌરાષ્ટ્ર' માં અવલોકનો લખીને એ પાંચસો પાછા ભરી દીધા. વિજયરાય પોતે 'સૌરાષ્ટ્રે' સોપેલી લેખમાળા ના લખી પણ 'કૌમુદી' માટે મેઘાણીભાઈ પાસે થી એમણે લખાવવા માંડ્યું. અને મેઘાણીએ સોરઠી સાહિત્યની ધારા 'કૌમુદી' ના અંકોમાં ખૂબ વહેવડાવી ચિત્તરંજનદાસ ના 'સાગર સંગીત' પર નો મેઘાણીનો લેખ અને દ્વિજેન્દ્ર રોય ના નાટકો પરનો લેખ ખૂબ વખણાયા અને 'કૌમુદી' ને લોકપ્રિય બનાવવામાં ફાળો આપ્યો.

"'કૌમુદી' ના અંકો દળદાર હતા તે દરેક અંકમાં બસો પાના જેટલી સામગ્રી અપાતી. ત્યારે તે અમદાવાદમાં છપાતું અને વ્યવસ્થાનું કુમારકાર્યાલયને અપાતું લવાજમ રૂ. 350 હતું. સંપાદનના પત્રવહેવારમાટે વિજયરાયનું વિલેપાર્લેનું સરનામું અપાતું.[7] "

તેમના પ્રથમ અંકમાંજ તેઓ મદદની ટહેલ કરે છે અને ભાવનગરના મહરાજા તરફથી મળેલ રૂ. 200નો આભાર સાથે ઉલ્લેખ કરે છે. પ્રથમ અંકની વાચનસામગ્રીમાં ચં.ચી. મેહતાના નાટક 'ઝેર કોણે પીધું ?' નો સમાવેશ થાય છે. એ હરિન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયના નાટકોનો અનુવાદ છે. આ ઉપરાંત નરસિંહરાવ દિવેટિયાનો લેખ 'ગુજરાતી સાહિત્યમાં સંગીતકાવ્ય' છે. કલાપીનો ભાવનગર મહારાજાપર લખાયેલો પત્ર પણ એમાં છે. ગગનવિહારી મેહતાનો એક હળવો લેખ છપાયો છે. ઝવેરચંદ મેઘાણીનો લેખ 'સોરઠ અને તેનું સાહિત્ય' એનું આકર્ષણ છે. નૃસિંહ વિભાકરનો લેખ પણ છે.

આ ઉપરાંત 'સાહિત્યકલાના આંદોલન' વિભાગમાં દેશપરદેશના સામયિકોમાંથી ઉત્તમ વાંચનસામગ્રી રજૂ થઇ છે. આ સામયિકોમાં 'એડલ્ફી', 'નેશન',

'નાઈન્ટીન્થસેન્ચુરી', સેટર્ડે રીવ્યુ', 'શમા', 'સ્પેકટેટર', 'ઓરીએટ', 'બુક્મેન', વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિજયરાય લખેલી કેટલીક સમીક્ષાઓ છપાઈ છે.

પ્રથમ વર્ષમાંજ 'કૌમુદી' સાચવી રાખવા જેવો કલાપી વિશેષાંક આવે છે. જેમાં 'લલિત' ર.વ. દેસાઈ, ગગનવિહારી મેહતા, ભાનુશંકર ઓઝા, મુનિકુમાર ભટ્ટના લેખો છે. કલાપીના દુર્લભપત્રો પણ એમાં છપાયા છે. બીજા વર્ષમાં ક્રાઉનકદમાં સાહિત્યવિશેષાંક બહાર પડે છે. જેમાં ધૂમકેતુના નાટક 'પરશુરામ' ઉપરાંત થોડી વાર્તાઓ અને કાવ્યો પ્રગટ થાય છે. ત્રીજે વર્ષે ન્હાનાલાલ વિશેષાંક બહાર પડેલો. સારી ગુણવત્તાસભર સારો લેખ હોય તેવા લેખોની પસંદગી કરીને છાપતા હતા.

'કૌમુદી' ની વ્યવસ્થામાં વારંવાર ફેરફાર થતાં [1927 થી] એનું નવું સ્વરૂપ પ્રગટ થયું. એને નવું પુસ્તક ગણીને નવેસર પ્રથમ વર્ષ ગણવામાં આવે છે. એનું કદ ડેમીથી મોટું અને પહોળાઈમાં ક્રાઉનથી થોડું નાનું છે. (ડેમી અને ક્રાઉનએ પત્રોના નામ છે.)એ સ્વરૂપમાં એ માસિક છે. વાર્ષિક લવાજમ પાંચ રૂપિયા છે. જાન્યુઆરી 30ના અંકમાં હિસાબ આપાય છે. વર્ષને અંતે રૂ. 1000 નું ચોખ્ખું દેવું હતું. "હવે તંત્રીએ જાતે ઝાઝું બહાર ફરવું અશક્ય જેવું હોવાથી, મદદનીશો તેને ઘેર બેઠા પૈસા પહોંચાડે તો વધારે સારુ" એવી વિનંતી થાય છે. તેથી [1932 માં] ફરી થોડો ફેરફાર થાય છે. તંત્રી તરીકે વિજયરાજ વૈદનું નામ છપાય છે. અને પ્રકાશકો તરીકે મૂળશંકર સોમનાથ ભટ્ટ અને ભાઈલાલ ખુશાલભાઈ પટેલના નામ વંચાય છે. આમ, 'કૌમુદી'ની કારકીર્દિ એકધારી રહી નથી એનું કદ બદલ્યું છે. કલેવર બદલ્યું છે. સંપાદન અને વ્યવસ્થા બદલાયા છે.

કૌમુદીના સંચાલનમાં અવારનવાર આર્થિક મુશ્કેલીઓ ઉભી થતી. વિજયરાજ દાન અને મદદ વડે એની વાર્તા લેખકો માટે એમને 'કૌમુદી' સેવકગણની યોજના ઘડેલી, જેમાં એમને પુરસ્કારને બદલે 'કૌમુદી' ના અંકો નિયતસમય સુધી મફત મોકલતા. 1926 માં મુંબઈમાં ગુજરાતી સાહિત્ય પરિષદ મળી એ પછી અઢી કે ત્રણ મહીને કૌમુદી માટે રૂ. 200 નો આશ્રયદાનનો ચેક લેવા એ રમણભાઈ નીલકંઠ પાસે ગયેલા એમ એમણે નોંધ્યું છે. એ સમયે [1931 માં] કરાંચીમાં સાહિત્યકળા મહોત્સવ યોજાયો. ત્યારે સ્વ. ડોલરમાંકડના નિમંત્રણથી વિજયરાજ ત્યાં ગયેલા અને કૌમુદી માટે ભંડોળ ઉઘરાવેલું.

ત્યારબાદ [1950 ના અરસામાં] ફરી કૌમુદી આર્થિક સંકડામણમાં આવી જાય છે. ત્યારે ગુજરાત એને નહી ટકાવે તો હું આત્મસમર્પણ કરીશ એમ જાહેર કર્યા પછી

ઉપવાસ ઉપર ઉતરીને વિજયરાજે ઇતિહાસ સર્જયો હતો. તેમના મિત્રો તેમને સમજાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ તે માન્યા નહી અને ઉપવાસ શરૂ કર્યા હતા. અંતે મિત્રો અને કેટલાક સદ્દગૃહસ્થોએ સામાયિક ટકાવી રાખવાની ખાત્રી આપ્યા, પછી એમણે ઉપવાસ છોડયા હતા. તેમને સાહિત્યલક્ષી પત્રમાં કેટલો લગાવ હશે તે ઉપવાસ પરથી જાણી શકાય છે. તે સાહિત્યપ્રેમી હતા. 'કૌમુદી'નું સ્વરૂપ શિસ્તસાહિત્ય અને વિવેચનના સામયિકોનું હતું. આ સામયિકમાં આર્થિક રીતે ઘણા ઉતાર ચઢાવ જોવામળે છે. છતાય વિજયરાજ વૈદનું મનોબળ દઢ હતું. 'કૌમુદી' બાદ [1938] 'માનસી' સામાયિક શરુ કર્યું. ત્યારબાદ તે 'રોહિણી' નામનું પત્ર શરુ કર્યું. પણ વધતી ઉમર અને કથળતા આરોગ્યને લીધે સાહિત્યલક્ષી કલમપર વિરામ આપી જાય છે. વિજયરાજનું પ્રદાન ધ્યેયનિષ્ઠ અને સાહિત્યિક પત્રકારત્વમાં આગવું યોગદાન છે.

### 4.1.5 મિલાપ

ઝવેરચંદ મેઘાણીના પુત્ર મહેન્દ્ર મેઘાણીએ [1650 ની 26 મી જાન્યુઆરીએ] 'મિલાપ' નામનું માસિકપત્ર શરૂ કરેલું. 'મિલાપ દર મહિનાની તા. 10 મી એ પ્રગટ થતું હતું. ફક્ત જાન્યુઆરી માસનો અંક મિલાપના જન્મદિવસે તા. ૨૬ મી એ બહારપડતો હતો. વર્ષનું લવાજમ દેશમાં તથા પાકિસ્તાન, સિલોનનમાં રૂ.9 હતું. તથા વિદેશોમાં લવાજમ રૂ. 10 હતું. 'મિલાપ' ની છૂટક કિમંત રૂ. 1 હતી.

ગુજરાતી ભાષાના અનેક માસિકો અઠવાડિક દૈનિક તથા પુસ્તકોમાંથી તારવેલું ઉત્તમ વાંચન દર મહીને 'મિલાપ' માં રજુ થાય છે. ઉપરાંત હિન્દી, ઉર્દૂ, પંજાબી,મરાઠી, તમિલ, કન્નડ, અંગ્રેજી, રશિયન,ચીની ભાષાઓના દેશદેશાવરના સામયિકો પુસ્તકો માંથી ઉતારેલા રસિક ઉલ્લાસદાયી લખાણોનો 'મિલાપ' ગુજરતી વાચકોને સુલભ કરી આપે છે. 'મિલાપ' એ રીતે એક માસિકજ નહિ નાનુંસરખું પુસ્તકાલય જ ગણાય છે. આવું 'મિલાપ' માં લખાયેલું આવતું હતું. આ માસિક વધુ સાહિત્યિક હતું.

મિલાપમાં અભિનંદન નામની કોલમ આવતી હતી. જેમાં સારા કાર્ય કર્યા હોય તેને અભિનંદન આપવામાં આવતા હતા. જેમના થોડાક ઉદાહરણો જોઈએ.

- **ભારતના હૈદરાબાદ સ્ટેશનને**

  સેન્ટ્રલ રેલ્વે પરના સૌથી સ્વચ્છ સ્ટેશન તરીકે [1950 માં] મેળવેલી અને [1653 માં] જાળવી રાખેલી તે ટ્રોફી [૧૯૫૪ ના વર્ષ માટે] ફરીથી જીતવા બદલ

- **દેવગઢબારિયા (જી. પંચમહાલ) ની સબ જેલના કારાવાસીઓને**

  લીમખેડા ખાતે યોજાયેલા ખેતીવાડી પશુ પ્રદર્શનમાં , જેલના સળિયા પાછળ રહ્યે રહ્યે બાગબાની કરીને પોતે ઉગાડેલા રાતા, કોળા, 'ક્રમસન ગ્લોબ' જાતના બીત તથા 'વ્હાઈટ વિયેના' વંશના નોલખોલના (અનુક્રમે 46, બે અઢી રતલ વજન ધરાવતા) શ્રેષ્ઠ ઇનામ જીતનારા બે ઉત્તમ પાડાઓ રજુ કરીને રૂ. 220 ની કિમંતના ખેતીના ઓજારો, પારિતોષક રૂપે મેળવવા બદલ.

અભિનંદન નામની કોલમ અનુક્રમમાં આગળ રાખવામાં આવતી હતી. એટલે કે તેને પેહલા મહત્વ આપવામાં આવતું હતું. સમાજના થયેલા કોઈ પણ સારા કાર્યને તંત્રી આ રીતે માસિકપત્રમાં રજુ કરીને બિરદાવવામાં આવતા હતા. તેમજ દેશ વિદેશના અન્ય સમાચારો પણ આવતા હતા. ત્યાર બાદ [1978] આ માસિક બંધ થઇ ગયું. ભાવનગર પત્રકારત્વનો આરંભ અને વિકાસ વર્ણવવામાં આવ્યો છે. વિસમા સૌકા [1925 માં] કેરળમાં એક સાપ્તાહિક શરુ થયું હતું. જેને ભાવનગર સાથે સબંધ હતો જે આ રીતે છે:

"અમરેલી જિલ્લાના શિક્ષક માધવરામ ગીગાભાઈ જોશી ભણાવવા માટે કોચીન પહોંચ્યા પછી છેક [1925 માં] તેમને ગુજરાતી ભાષામાં 'મલબાર સમાચાર' નામના સાપ્તાહિકની શરુઆત કરી જેનું મુદ્રણ ભાવનગર કરાવતા કારણ કે કેરળમાં ગુજરાતી કમ્પોઝીરટની સગવડ નહોતી." 'મલબારસમાચાર’ માટેનું મુદ્રણ મુબઈમાં પણ થઇ શકે તેમ હતું. છતાં પણ તેનું મુદ્રણ ભાવનગરમાં થતું હતું. વળી તે અખબાર સાપ્તાહિક હતું. તેથી તે વિચારવા જેવી બાબત છે. આમ ભાવનગરના પત્રકારત્વની વિકાસગાથા વર્ણવામાં આવે છે

## 4.2 ભાવનગરના હાલનાં વર્તમાન પત્રો: એક પરિચય

અખબારો સમાજના સ્પંદનો ઝીલે છે. તેથી જ તો એક અભિન્નઅંગ તરીકે સમાચારપત્રો માનવીના 'પ્રાણપત્રો બન્યા છે. હા, એ વાતમાં તથ્ય છે. કે આજના અખબારો સમાચારપત્રના બદલે મનોરંજક પત્રો બની ગયા છે. જોઈએ તો આજનું એક પણ અખબાર 'સંપૂર્ણ સમાચાર' રહ્યું નથી. છતાં વિજાણું માધ્યમોની સુપરસોનિક પ્રગતિ સાથે કદમ મિલાવવા અખબારો અડીખમ ઉભા રહ્યા છે. વિજાણું માધ્યમોના પ્રચંડ આક્રમણ સામે હાર સ્વીકારવાને બદલે અખબારોએ નવા કલેવર સાથે વળતો પ્રહાર કર્યો છે.એમણે પોતાની છૂપી શક્તિઓ બહાર કાઢી છે. માણસ આજે સવારના પહોરમાં ટેલીવિઝન કે રેડીઓ ભલે ચાલુ ન કરે પણ એક હાથમાં ચાનો કપ અને બીજાના

હાથમાં છાપું ન હોય તો તેનો દિવસ આરંભાતો નથી. છતાં ડો. યાસીન દલાલ નોંધે કે "અખબારની લોકપ્રિયતાનો અને ફેલાવાનો આંક [1961 ના મુકાબલે] થોડો નીચે આવી ગયો છે."[8]

ભાવનગરમાંથી પ્રસિધ્ધ થતા દૈનિકો પૈકી મુખ્ય બહોળો પ્રસાર ધરાવતા દૈનિકોમાં 'સૌરાષ્ટ્ર સમાચાર', ગુજરાત સમાચાર', 'સંદેશ', 'પગદંડી' તથા 'સાંધ્યદૈનિક ','આજકાલ', અને 'સૌરાષ્ટ્ર આસપાસ'નો સમાવેશ થાય છે.સાથો સાથ સવારના અખબારોની મંગળવાર, બુધવાર, ગુરુવાર, શુક્રવાર, શનિવાર, અને રવિવારની વિશેષ પૂર્તિનો સમાવેશ થાય છે.

આપણે જાણીએ છીએ કે આધુનિક યુગમાં અખબારો વિના માનવકુળની વ્યવસ્થા ચાલીશકે તેમ નથી. અને અખબારોએ ટેકનોલોજીની બધીજ અધતનતાનો પુરસ્કાર કરીને વધારે મોટા પ્રમાણમાં જવાબદારી ધારણ કરી છે. આ અંગે જહોન એડમ્સે પણ કહ્યું છે કે "Mankind cannot now be gouerned without the press."

પરંતુ સંદેશા વ્યવહારનું મુખ્ય સાધન બની ગયેલા અખબારો જયારે અધૂરા સમાચારો આપે છે વિકૃત એહવાલો રજુ કરે છે; ત્યારે તે મુક્ત પ્રજાને ઊંધે રસ્તે દોરવી જાય છે. જો અખબારો પૂરતા પ્રમાણમાં જાગૃત હોય, સ્વતંત્ર હોય અને હરીફાઈવાળા હોય તોજ તંદુરસ્ત વિકાસ શક્ય છે. મહાકવિ મિલ્ટને પોતાના એક નિબંધમાં વાણીસ્વાતંત્ર્ય માટે યાદગાર ઉદગારો કાઢ્યા હતા. 'Give me liberty to utter and to argue freely according to conscience, above al other liberty.'

અખબારી સ્વાતંત્ર્ય ભયસ્થાનોના ચિન્હ રૂપે દૂર ક્ષિતિજમાં ડોકાતો હતો છતાં તેનો છોડ બહુજ ધીમે ધીમે ઊગ્યો છે. 'માન્ચેસ્ટર ગાર્ડિયન' ના વિખ્યાત તંત્રી સી.પી. સ્કોટે એક મશહૂર અને અતિપ્રચલિત સૂત્ર ઉચ્ચાર્યું છે કે '' facts are scared, comments is free''. આ સ્થળે એમ માની લેવામાં આવ્યું કે મુક્તપ્રજા મત તૈયાર થાય છે. તે લોકશાહીની સરકારની સલામતી માટે બાહેંધરી રૂપ બની જાય છે. આ માન્યતા કદાચ વધુ પડતી સાદી, સરળ, નીવડી હોય એમ માનવામાં આવે, જે દ્રષ્ટિબિંદુના સંદર્ભમાં અને રજૂ કરવામાં આવે તેના ઉપર ઘણો આધાર રહેલો છે.

અગાઉના સમયમાં ઈલેક્ટ્રોનિક મિડિયાનો વ્યાપ આધુનિક સમયમાં છે તેટલો ન હતો. જેથી લોકો સંપૂર્ણપણે અખબારો પર આધારિત હતા. પરંતુ હાલના સમયમાં

ઈલેક્ટ્રોનિક મિડિયાએ લોકોએ વર્ચસ્વ જમાવ્યું છે તેમ છતાં આજેય સવારના પહોરમાં ચા પીતા પીતા છાપું વાંચવા નામળે તો માણસને ચેન પડતું નથી.

રાષ્ટ્રીય અખબારો સિવાય પ્રાદેશિક અખબારોમાં માહિતિપ્રદ એવા સમાચારો તથા સનસનાટીવાળા વધુ સમાચારો પીરસવામાં આવે છે.

ગઈ કાલની આગરિમા, પત્રકારત્વનો પ્રજાલક્ષી પૈગામ, સમાજ પ્રત્યેની સમાચારપત્રની જવાબદારી –બધું વિસારી દઈને હવે છાપેલી પસ્તીનો વ્યાપાર જાણે થઇ રહ્યો છે. મિશનનું સ્થાનક મિશને, ધ્યેયનું સ્થાન ધંધાએ પચાવી પાડ્યું છે. આજે અખબારોમાં જાહેરાત પહેલા અને પછી સમાચારો છાપવામાં આવે છે. સ્વતંત્રતા વખતે અખબારોએ ખૂબ મહત્વનો ફાળો આપ્યો છે. તેમ છતાં બીજી તરફ અખબારોમાં વિજ્ઞાનલક્ષી સમાચારો માહિતિપ્રદ સમાચારોમાં પણ વધારો થયો છે તેમ કહી શકાય.

### 4.2.1 સૌરાષ્ટ્ર સમાચાર:

સૌરાષ્ટ્ર સમાચાર ભાવનગર જીલ્લાનું ઘણું જૂનું અખબાર છે. આ અખબાર અડધી સદી વિતાવી ચૂક્યું છે. અને વર્તમાન સમયમાં આ અખબાર ચાલુ છે. જોકે ભાસ્કર ગ્રુપે આ અખબાર સંભાળી લીધું છે. હવે તે ભાસ્કરગ્રુપ સંચાલિત 'સૌરાષ્ટ્રસમાચાર' બહાર પડે છે.

1961ની સાલમાં 'ગુજરાત સમાચાર ની માલિકી હેઠળ 'સૌરાષ્ટ્ર સમાચાર' ની શરુઆત થઇ હતી. તે સમયે 'ગુજરાત સમાચાર' ના માલિક શાંતિલાલશાહ હતા. અને તેની સાથે કપિલભાઈ મહેતા પણ હતા. તે સમયે ગુણવંતભાઈ છોટાલાલ શાહ એ 'સૌરાષ્ટ્રસમાચાર' ના ચીફ રિપોર્ટર હતા. એ એક વર્ષ સુધી ચાલ્યું પછી તે આર્થિક અને રાજકીય બાબતોને કારણે બંધ થયું એ તે વખતે 'સૌરાષ્ટ્ર સમાચાર' રૂ. 80000 ની ખોટ આવી હતી.

‘ગુજરાત સમાચાર’ ના માલિકે 'સૌરાષ્ટ્ર સમાચાર' ને રૂપિયા 16000માં વેહંચી દીધું હતું. સાલ 1964માં 'સૌરાષ્ટ્ર સમાચાર' પ્રગટ થયું. અને તેની માલિકી 'સૌરાષ્ટ્ર સમાચાર' પ્રાઈવેટ લીમીટેડ ની હતી. તેના મુખ્ય કાર્યકર્તા પ્રતાપભાઈ શાહ હતા તે મેનેજિંગ તંત્રી હતા તથા તંત્રી પદે એમ. કે. મણિયાર તથા સહતંત્રી પદે રાજેન્દ્ર ગાંધી હતા. તે પેહલા એમ. કે. મણિયાર 'વિવિધ ભારતી' નામનું સાપ્તાહિક અખબાર સાથે જોડાયેલ હતા. પછી તે 'સૌરાષ્ટ્ર સમાચાર' સાથે જોડાયા હતા.

'સૌરાષ્ટ્ર સમાચાર' એ દૈનિક અખબાર હતું. તથા શરુઆતના સમયમાં ૪ પાના પછી 6 પાના તથા થોડા સમય બાદ 8 પાનામાં પ્રસિધ્ધ થતું હતું. જેમાં ૬ પાનાના અંક ની કિમંત રૂપિયો 1 હતું. અને તેનું મુદ્રક અને પ્રકાશન સ્થળ 'સૌરાષ્ટ્ર સમાચાર' પ્રેસ બળવંતભાઈ મહેતા (હાઈકોર્ટ રોડ) પોસ્ટબોક્સનં૧૭, ભાવનગર -1 ખાતે હતું. તેનું લેઆઉટ માસ્ટહેડ નીચે તંત્રીઓના નામ તેમજ તેની નીચે મુદ્રણ પ્રકાશન સ્થળને પછીની લીટીમાં ગુજરાતી તથા અંગ્રેજી તારીખ માસ અને મહિનો તથા કેટલામો વર્ષ ચાલે છે. તેનો ઉલ્લેખ કરેલો જોવા મળે છે. તથા પ્રથમ પેજ પર સાત થી આઠ કોલમનું હેડીંગ આપવામાં આવતું.

'સૌરાષ્ટ્ર સમાચાર' ના 6 પાના વાળા અખબારમાં પ્રથમ પાને રાજ્ય દેશ તથા વિદેશોના મહત્વના સમાચારો છાપવામાં આવતા તથા પ્રથમ પાને નીચેનાભાગમાં જાહેરાતો છપાતી હતી. તથા બીજે પાને ડાબીબાજુ તંત્રીલેખ આવતો હતો જે આજે પણ આવે છે. તથા તેમાં સ્થાનિક સમાચારો આવતા તેમજ ત્રીજા પાના પર ટચુકડી જાહેર ખબરો હતી બે થી ત્રણ કોલમની જાહેરખબરો પણ આવતી હતી તથા બજારોમાં સોના ચાંદીના ભાવ છાપવામાં આવતા હતા.

તા.4-1-1970 ના રવિવારના અખબારમાં એક ટચુકડી જાહેર ખબર આપેલી છે જે આ પ્રમાણે છે:

### 4.2.2 મુંજવણનો ઈલાજ

કાચના ગોળામાં ભવિષ્ય જોનાર નડતા ગ્રહોનો ઉપાય, નડતર, વળગાડભૂત, બાધા, શંકાનો માર્ગ બતાવનાર જીંદગીનો અહેવાલ પ્રયોગથી બિમારી દૂર કરનાર.
પ્રોફેસર પંડ્યા
બારસો મહાદેવની વાડી
ભાવનગર.

આવી જાહેરાત જોવા મળે છે. જે અંધશ્રધ્ધાયુકત જાહેરાત હોવા છતાં છાપવામાં આવતી હતી. જે આજના સમયમાં જ્યોતિષને લગતી જાહેરાતો જોવા મળે છે.

તથા નગરનોંધમાં સંક્ષીપ્ત સમાચારો આવતા. મૃત્યુનોંધ તથા નાટકના શો તથા છેલ્લે પાને રાશિઓ તથા રમત-ગમતના સમાચારો છપાતા રવિવારે પાંચમાં પાને લેખો, વાર્તાઓ, જોકસ વગેરે જેવી સામગ્રી પીરસવામાં આવતી હતી. તેમજ આઠ પાનાનું અખબાર તથા વધુ સમાચારો આવતા તથા જાહેરાત પણ વધુ આવતી હતી.

"સૌરાષ્ટ્ર સમાચાર' માં [1973ની આસપાસ] રવિવારની પૂર્તિ આપવાનું શરુ કર્યું. જેમાં વાર્તાઓ, સામાજિકલેખો, રમત-ગમતને લગતા લેખો આવતા હતા. 1992માં 'સૌરાષ્ટ્ર સમાચાર' લવાજમની શરુઆત કરી હતી. કારણ કે તે સાલમાં અખબારના વેચાણમાં ઘટાડો આવતો હતો. તેનું મુખ્ય કારણ ભાવનગરમાં (1991)ની સાલમાં 'ગુજરાત સમાચાર' ભાવનગરમાં આવ્યું હતું. અને તેના સ્થાનિક તંત્રીપદે મહેન્દ્રભાઈ ગોહિલ હતા.

ભાવનગરમાં ઇલેક્ટ્રિક સ્મશાન બનાવવામાં 'સૌરાષ્ટ્રસમાચાર' નો શ્રેય રહેલો છે. તે સમયે ભાવનગર મ્યુનિસિપાલિટીના ચીફઓફિસરની એવી માંગ હતી કે અહીં ઇલેક્ટ્રિક સ્મશાન હોવું જોઈએ. જે 'સૌરાષ્ટ્ર સમાચાર' આ બીડું ઝડપીને ભાવનગરમાંથી પૈસાનો ફાળો ઉઘરાવીને તથા પોતાના અમુક ટકા પૈસા આપીને ભાવનગરમાં કુંભારવાડા, મોતી તળાવની પાસે 'સૌરાષ્ટ્ર સમાચાર'ના સહયોગથી ઇલેક્ટ્રિક સ્મશાનની સ્થાપના થઇ હતી. જેનું નામ નિર્વાણ તીર્થ રાખ્યું હતું. અને તે 1988 ની આસપાસ બનાવવામાં આવેલું હતું.

તેમજ ભાવનગર યુનીવર્સીટી સ્થપાય તે માટેની મેહનત પણ પ્રતાપભાઈ શાહના ફાળે જાય છે. તેમાં તેનો સહયોગ હતો. પ્રતાપભાઈ શાહે (૧૯૬૨) ધારાસભાના સભ્ય હતા તથા [1977-78 માં] તેઓ રાજ્યના નાણામંત્રી તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા છે.

ત્યારબાદ (2004) પ્રતાપભાઈ શાહે 'સૌરાષ્ટ્ર સમાચાર' ભાસ્કર ગ્રુપ ને આપી દીધું તે તેનું અંગત કારણ હતું. છતાં તેને જણાવ્યું કે મારી ઉમર વધવાને કારણે હું સાંભળી શકતો નથી. તેમજ દરિયામાં રહેલી નાની માછલીને મોટી માછલી ખાઈ જાય છે. તેમ જણાવીને 'સૌરાષ્ટ્ર સમાચાર' ભાસ્કર ગ્રુપને વેહચી દે છે. તેમ છતાં આજે પણ ભાસ્કરગ્રુપ સંચાલિત હોવા છતાં તેના તંત્રી તરીકે પ્રતાપભાઈ શાહનુ નામ લખાઈને આવે છે. હાલના સ્થાનિક તંત્રી તારકભાઈ શાહ છે.

ઈ-જર્નાલીઝમ તથા ઈલેક્ટ્રોનિક મિડિયા આવવાને કારણે પ્રિન્ટમમિડિયા પર તેની કોઈ અસર પડશે ખરી આવા પ્રશ્નના જવાબમાં પ્રતાપભાઈ શાહે જણાવ્યું કે પ્રિન્ટમિડિયા જૂદું છે. તથા ઈલેક્ટ્રોનિકમિડિયા જુદું છે. તેના કારણે પ્રિન્ટમિડિયા પર અસર પડીશકે નહિ ફક્ત પ્રિન્ટમિડિયામાં રહેલા અખબારોમાં હરિફાઈ થઇ શકે. પણ ઈલેક્ટ્રોનિકમિડિયા તથા પ્રિન્ટ મિડિયા વચ્ચે સ્પર્ધા પણ ન થઇ શકે અને તેના કારણે પ્રિન્ટમિડિયા પર કોઈ અસર પડી શકતી નથી. વિદેશોમાં ઘણા વર્ષોથી અખબારો છપાય

છે છતાં તેની લોકપ્રિયતામાં ઘટાડો થયો નથી. હા. એક બાબત છે આજે પ્રજાનો અખબારો પર વિશ્વાસનીયતાનો ઘટાડો જોવા મળે છે. પહેલા જેવી લોકોની વિશ્વાસનીયતા જોવા મળતી નથી.

હાલ વર્તમાન સમયમાં ‘સૌરાષ્ટ્ર સમાચાર’ 14 પાનામાં આવે છે. તેમજ મંગળવારે 'માધુરીમાં ' બુધવારે 'કળશ' ગુરુવારે, 'ધર્મદર્શન', શુક્રવારે 'નવરંગ' , શનિવારે 'બાલભાસ્કર' તથા રવિવારે 'સન્ડે' નામની પૂર્તિ આવે છે. આખા સપ્તાહ દરમિયાન પૂર્તિ આપવામાં આવે છે. રવિવારે 'સૌરાષ્ટ્રસમાચાર' માં કુલ 26 પાના આવે છે. અને તેની કિંમત રૂપિયા ૪૨ છે. હાલ તેનું સરક્યુંલેશન 50 હજારની આસપાસ છે કુલ 90 નો સ્ટાફ છે.

### 4.2.3 ‘પગદંડી'

'પગદંડી' 1946 માં શરુ થયેલું. તેના તંત્રી મહેશભાઈ ત્રિવેદી હતા.અને આ અખબાર સાપ્તાહિક હતું. અને તે 1956 માં 'પગદંડી' સાપ્તાહિક બંધ થયું હતું. અને તે 1956 માં મહેશભાઈ ત્રિવેદીએ આ સાપ્તાહિક વહેંચી દીધું હતું. ફરી તે 1956 માં શરુ થયું ત્યારે તેના માલિક ભાર્ગવભાઈ જોષી હતા. જેનું મુદ્રકસ્થાન વોરાબાઝાર ભાવનગરમાં હતું. તે ટેમ્બોઈટ પ્રકારમાં બહારપડતું હતું. અને તે 4 પૃષ્ઠનુ અખબાર હતું. અને દર સોમવારે પ્રસિધ્ધ થતું હતું.

વર્તમાન 'પગદંડી' નાતંત્રી ડાભી નટુભાઈ ડી. ના કેહવા મુજબ ધોરણ -10 (એસ.એસ. સી) ના પરિણામો આવતા તે પરિણામો જોવા માટે 'પગદંડી' પ્રેસે વાલીઓની લાઇન લાગતી હતી. તે સમયે 'પગદંડી'નુ વેચાણ એક હજાર કોપી વેચાતી હતી. આ અખબારનો મુખ્ય હેતુ લોકોમાં સામાજિક જાગૃતિ , શૈક્ષણિક જાગૃતિ, અને રાજકીય જાગૃતિનો ફેલાવો કરવાનો હતો. તેમજ મહાગુજરાત આંદોલનમાં ભાવનગરની ભૂમિકા રહેલી હતી. તથા 'પગદંડી' સાપ્તાહિકનુ પણ પ્રદાન રહેલું હતું.

આ પત્ર [૩જી માર્ચ 1973 ના દિવસે] ‘પગદંડી’ દૈનિકના રૂપમાં પ્રગટ થયું .તેના તંત્રીપદે મનુભાઈ ત્રિવેદી હતા. એ પ્રેસના ઉદઘાટન માટે અર્થશાસ્ત્રી વાડીલાલ ડગલી આવ્યા હતા. દૈનિક બનતા 8 પૃષ્ઠમાં કુલ સાઇઝમાં અખબાર શરૂ થયું. જેમાં 20 વ્યક્તિનો સ્ટાફ હતો. મુદ્રણસ્થાન રૂપાપરી દરવાજા, બાર્ટન લાઈબ્રેરીની સામે હતું. તે સમયે જાહેર ખબર ઓછી આવતી હતી. આથી આર્થિક તંગીમાં આઅખબાર ચાલતું હતું. 'પગદંડી 'ના પત્રકારોનો પગાર પણ ચોક્કસ દિવસે થઇ શકતો નહિ.

નટુભાઈ ડાભીના કેહવા મુજબ જયારે ભારત પ્રથમવાર ક્રિકેટ વર્લ્ડકપની જીતની ખૂશીમાં વધારાનું સ્પોટ્સને માટે નવુંજ અખબાર 'પગદંડી' એ છાપ્યું હતું. જેમાં ક્રિકેટ વર્લ્ડકપના ફક્ત સમાચારો આપવામાં આવતા હતા.

મનુભાઈ એ 'પગદંડી' ની માલિકી ફેરવીને નલીનભાઈ ભટ્ટ, સુનીલભાઈ ઓઝા, ચંદાભાઇ દવેને અખબાર સુપરત કરી દીધું (1989). અને તેના તંત્રી પદે અમોહ શાહ રહ્યા પણ તે ફક્ત બે વર્ષ તંત્રીપદે રહ્યા. તે પણ (1991 માં) તંત્રીપદ ખુદ નલીનભાઈ ભટ્ટે સંભાળી લીધું એ સાથે મુદ્રણસ્થળ બદલાવીને પીરછલ્લા તુલસી ચેમ્બર સામે સ્થળાંતર થયું.

ત્યાર બાદ (2004) તંત્રીપદે મહેન્દ્રભાઈ ગોહિલ આવ્યા અને તેના બે વર્ષ બાદ 'પગદંડી' અખબાર સુકેતુ શાહે ખરીદી લીધું હતું. વર્તમાન સમયમાં પગદંડીના મેનેજિંગ પદે સુકેતુભાઇ શાહ છે તેમજ સ્થાનિક તંત્રી પદે નટુભાઈડી. ડાભી છે અને હાલ ભાવનગર તથા અમદાવાદ માં 'પગદંડી' અખબાર પ્રસિધ્ધ થાય છે.

વર્તમાન અખબાર 'પગદંડી' ના પૃષ્ઠ ૮ આવે છે. તે બ્લેક એન્ડ વ્હાઈટમાં આવે છે, તેમજ સોમવારેથી લઇ રવિવાર સુધીનો પૂર્તિઓ આવે છે. જેમાં 'જનતાજ્યોતિષ', મહિલાઓ માટે 'શકાતી પુર્તિ' , 'અમીપુર્તિ ', ' ધાર્મિક પુર્તિ ', 'ફિલ્મ પુર્તિ' , 'બાળવિભાગ પુર્તિ ', તથા 'રવિ પુર્તિ ' નો સમાવેશ થાય છે. સોમવારે 'ફિકર સારે શહેરકી' નામની કોલમ તંત્રી લખે છે. પ્રકાશિત મુદ્રણસ્થળ બી એસ સેન્ટર, ઘોઘા ગેટ ભાવનગર થી થાય છે.

ભાવનગરના નાણા –મોટા સામાજિક કાર્યો માં 'પગદંડી' અખબાર સહયોગ આપતું રહ્યું છે. હાલનું વેચાણ 35,000 જેટલું છે.

**4.2.4 ગુજરાત સમાચાર**

આ પત્રની [૪ ઓકોટોમ્બર 1950 ના રોજ] દેવદાસ ગાંધીએ સ્થાપના કરી. જેના ખર્ચેને પોહંચી વળવા શાંતિલાલ શાહ અને કપિલરાય મેહતાએ પત્ર અને સંસ્થાને આર્થિક રીતે સધ્ધર કાર્ય અને તેની લોકપ્રિયતા વધતા અન્ય શેહરોમાં પણ તેની આવૃતિઓ શરૂ થઇ. જેમાં સુરત (1975), મુંબઈ (1985), વડોદરા(1987)માં, રાજકોટ (1990) તથા ભાવનગર (1991) આવૃત્તિ શરૂ થઇ અને તેના સ્થાનિક પ્રથમ તંત્રી હતા. મહેન્દ્રભાઈ ગોહિલ હતા તે સમયે ભાવનગરમાં ૪ પાના છાપતા હતા.

મહેન્દ્રભાઈ ગોહિલના તંત્રી પદે ભાવનગરમાં પરીક્ષા કોભાંડ પકડાયું હતું. જેમાં શિક્ષણ વિભાગના ઇન્ચાર્જ પરીક્ષાના પેપરમાં ઉથલમથલ કરી હતી. જેની જણ ગુજરાત સમાચારને થતા બહાર પાડવામાં આવી હતી. અને આ વાતથી શિક્ષણ વિભાગના રાજથયો હતો. અને 'ગુજરાત સમાચાર' સામે નારાજગી દર્શાવી એક રેલી કાઢવામાં આવી હતી. તે પછી કોઈએ આવા સસમાચારોનો ઉલ્લેખ થયો હોય તેવું જોવામાં આવતું નથી.

'ગુજરાત સમાચાર' અખબારના પાના 16 છે. સોમવારથી લઇ રવિવાર સુધીની પૂર્તિઓં આવે છે. જેમાં 'બિઝનેસ વર્લ્ડસાયન્સ નોલેજ', 'સહિયર' મહિલા લક્ષી , 'શતદલ' , 'ધર્મલોક', 'ચિત્રલોક', 'ઝગમગ' તથા રવિવારે 'રવિ પૂર્તિ ' આવે છે.

ભાવનગરમાં સ્થાનિક તંત્રી તરીકે અરવિંદભાઈ સ્વામી છે. ૫૦ હાજરની આસપાસ અખબારનું સર્ક્યુલેશન છે. ૨૦ નો સ્ટાફ છે.

**4.2.5 સંદેશ**

વર્તમાન માં ખ્યાતિ પ્રાપ્ત એવું 'સંદેશ' અખબાર અમદાવાદ થી પ્રસિધ્ધ [28 ઓગસ્ટ 1923] થયું. પ્રથમ તે સાંધ્ય દૈનિક હતું. પ્રથમ તેની એક કિમંત એક પૈસા જેટલી હતી. આગળ જતાં (1930) ની 'સંદેશ' સવારનું દૈનિક બન્યું. સવારના પત્ર ની સાથે જ 'સંદેશ' આધુનિક યંત્ર-સામગ્રી, રોટરીમશીન, તાર સર્વિસ અને ટેલીપ્રિન્ટર પણ વસાવ્યું અને તે ધીરે ધીરે પ્રગતિ કરતુ ગયું. છેવટે [19 સપ્ટેમ્બર 1943] થી 'સંદેશ લિમિટેડ' કંપની દ્વારા બહાર પાડવામાં આવે છે.

હાલમાં 'સંદેશ' અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ ,ભાવનગર અને ભુજથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. 'સંદેશ' એક માત્ર એવું છે કે જે અઠવાડિયામાં બે અલગ અલગ ધારાવાહી નવલકથા ચલાવે છે. અને સાથો સાથ 'હેલ્થકેર' તથા 'સ્ત્રી' જેવા સામયિકો પણ પ્રકાશિત કરે છે. 'સંદેશ' પોતાના વાચકોને સોમવારે 'કેરિયર', મંગળવારે 'નારી' , બુધવારે 'અર્ધ સાપ્તાહિક ', ગુરુવારે 'જીવનજ્યોત', શુક્રવારે 'સીનેસંદેશ', શનિવારે 'બાલસંદેશ' અને રવિવાર 'સંસ્કાર' નામની પૂર્તિઓં આવે છે. ભાવનગર જીલ્લામાં ૨૮ હજારની આસપાસ 'સંદેશ' નું વેચાણ રહેલું છે.

ભાવનગરમાં 'સંદેશ' અખબારના સ્થાનિક તંત્રીપદે જયેશભાઈ દવે સાંભળી રહ્યા છે. 70 કર્મચારીનો સ્ટાફ ફરજ બજાવી રહ્યા છે.

### 4.2.6 'આજકાલ'

'આજકાલ' અખબાર એ સાંધ્યદૈનિક છે. તેમના મૂળ માલિક ધનરાજભાઈ જેઠાણી છે. ભાવનગર માં 'આજકાલ' ની સ્થાપના (2001) થઇ. 'આજકાલ' અખબાર રાજકોટ, જામનગર, ભાવનગર, પોરબંદર અને ભૂજ થી પ્રસિધ્ધ થતું સાધ્ય દૈનિક છે. 'આજકાલ' ના કુલ પૃષ્ઠ 8 છે. ભાવનગરમાં ગ્રામ્ય તથા સીટી એમ બે આવૃત્તિ બહાર પાડે છે. ભાવનગર જીલ્લા માં 'આજકાલ' નું સર્ક્યુલેશન 25 હજાર ની આસપાસ છે. સાધ્ય દૈનિક ભાવનગરમાં સૌથી વધુ વંચાય છે. 'આજકાલ' ના સ્થાનિક નિવાસી તંત્રી પ્રેમકંડોલિયા છે. 40 કર્મચારીનો સ્ટાફ છે. 'આજકાલ' નુ મુદ્રક અને પ્રકાશક સ્થળ આજકાલ પ્રેસ, જૂનાબંદર રોડ, રીનાટાઈલ્સ પાસે, ભાવનગરથી પ્રકાશિત થાય છે.

### 4.2.7 'સૌરાષ્ટ્ર આસપાસ '

'સૌરાષ્ટ્ર આસપાસ 'સાંધ્ય દૈનિક છે. તેના માલિક કોમલકાંતભાઈ શર્મા છે. આ અખબાર 2004 ની સાલમાં પ્રસિધ્ધ થયું તે ભાવનગર, જામનગર, અમરેલી, અને રાજકોટથી પ્રસિધ્ધ થાય છે.ભાવનગરમાં સ્થાનિક તંત્રી પદે રાજેશભાઈ જોષી છે. ભાવનગરમાં તેનું સર્ક્યુલેસન ૨૦ હજારની આસપાસ છે. તેમજ કોમલકાંતભાઈ શર્મા એ ભાવનગરમાં લોકલ ન્યુઝ ચેનલ પણ ચલાવે છે. 'સૌરાષ્ટ્ર આસપાસ ' નો ૨૫ જેટલો સ્ટાફ છે. 'સૌરાષ્ટ્ર આસપાસ 'અખબાર માં ૮ પૃષ્ઠ છે.

આ સિવાય ભાવનગરમાંથી 100 સંખ્યાની આજુબાજુ સાપ્તાહિકો બહાર પડે છે. જેમના થોડાક અહી તેના નામ આપવામાં આવ્યા છે.

ભાવનગરના સાપ્તાહિક અખબારો :'ભાવનગરસેવક'. 'ગુજરાતવૈભવ', 'વરુણ', 'નીડર ', 'અતીત', 'ભાવનગરટુડે ', સ્પીડ બ્લેકર', 'કે.પી.પી', 'અલંગ સંદેશ', 'ખબરપત્રી', 'રાઈટરન્યુઝ', 'ગોહિલવાડ વિકલી', 'પ્રભુટાઈમ્સ', 'કાગઝ કલમ ઔર શ્યાહી', 'સૌરાષ્ટ્ર સંચય', 'સમાચાર સૌરાષ્ટ્ર', 'રણદીપ', 'રક્ષણહાર', 'પેનમન', 'લોકરતન', 'એડપેક માર્કેટ', 'જનમત', 'લોકસેવક' , 'ઓજસઓલ્ડ', 'સ્પાર્કલાઈન', 'શક્તિનાદ' , 'અમે ભાવનગરી', 'ધનએક્સ્પ્રેસ', 'ગાઈડલાઈન', 'હરીજનમિત્ર', 'કામપાલ ', 'પાલીતાણા પાવર','ભાવેણા ન્યુઝ', 'ચેલેન્જર', 'માલણતીરે', 'ગુજરાતડે', 'કલમપુષ્પ', 'પાલીતાણાટુડે', 'ગોહિલવાડ સમાચાર' , 'ભાવનગરટાઈમ્સ ', 'માહિડનીટાઈમ્સ ', 'ગંગાટાઈમ્સ', 'કોઠારનેકાંગરે', 'સ્પોર્ટસસીઝન' , અને 'માતોશ્રી' આમ ભાવનગરમાંથી 100 ની આજુબાજુ સાપ્તાહિકો બહાર પડે છે.

## 4.3 રાજકીય ઝંઝાવાતના ગાળામાં ગુજરાતી પત્રકારત્વનું આંકડાકીય ચિત્ર

ભારતની સ્વતંત્રતાને હજુ માંડ ત્રણ જ વર્ષ થયાં હતાં. આઝાદી તેમજ વિભાજન ની માઠી અસરો અને યાદો હેઠળ ધીમે ધીમે લોકશાહીને અનુકુળ સમાજશૈલી નો વિકાસ થવા લાગ્યો હતો. હજુ ઔદ્યોગિકકરણની નવી ટેકનોલોજીનો અને આર્થિક રોકાણ નો એટલો મોટો પ્રભાવ પત્રકારત્વ પર નહોતો પડ્યો. પરિણામે [ઈ.સ 1950-51] માં ગુજરાત માં 17 દૈનિકો પ્રકાશિત થતાં હતાં. જયારે ૨૨૦ સામયિકોનું પ્રકાશન હતું. આ 17 દૈનિકોમાં સાત 'મોટા ગણી શકાય તેવા સમાચાર પત્રો હતા.

આગળ જતાં [ઈ.સ 1955-56 માં] દૈનિકો ની સંખ્યા વધીને ૨૩ ની થઇ અને સામયિકો ૨૫૨ રહ્યા. જયારે તે પછી [ઈ.સ 1960-61] ના વર્ષમાં] 27 દૈનિક તેમજ 378 સામયિકો નું પ્રકાશન નોંધાયું હતું.

તે પછી પાછલા વર્ષ કરતા એક જ દૈનિકનો ઉમેરો થયો અને સંખ્યા 28ની થઇ, પણ સામાયિકોની સંખ્યા 473 ની રહી. જે આગળ જતાં [ઈ.સ 1962-63 માં] વળી દૈનિકનું પ્રમાણ ઘટી 26 નું થયું પણ સામયિકોમાં ક્રમશ: વધારો થતો રહ્યો અને એ વર્ષમાં ૫૦૮ સામયિકોનું પ્રકાશન રહ્યું.

તત્કાલીન [ઈ.સ 1962-63માં] ગુજરાતભરમાં 25 ગુજરાતી અને 1 અંગ્રેજી દૈનિક પ્રકાશિત થતાં હતાં. આ ઉપરાંત 92 સાપ્તાહિક , 40 પખવાડિક , 224 માસિક અને 76 અન્ય એમ કુલ 469 ગુજરાતી પ્રકાશનો હતા, જયારે અંગ્રેજીમાં 44 અને અન્ય 8 એમ કુલ 534 પ્રકાશન રહ્યા.

આગળ જતાં [ઈ.સ 1963-64 માં] ગુજરાતી દૈનિકો ની સંખ્યા 28 ની થઇ. અન્ય પ્રકાશનો સહીત 513 ગુજરાતી પ્રકાશનો, 1 દૈનિક સહીત 46 અંગ્રેજી પ્રકાશનો, 16 હિન્દી અને ઈતર ભાષાના 8 દૈનિક સિવાય ના પ્રકાશનો એમ 583 સંખ્યા થઇ.

ત્યારબાદ [ઈ.સ 1964-65] માં એક ગુજરાતી દૈનિક નો ઉમેરો થતાં તે કુલ 29 થયાં. જયારે 32 દૈનિકો પ્રકશિત થતાં હતાં. પરંતુ અંગ્રેજીમાં ગુજરાત માં એક માત્ર જ પત્ર હતું. બાકીના ગુજરાતી હિન્દી અંગ્રેજી મળીને કુલ પ્રકાશનો એ વર્ષમાં થતાં (673) રહ્યા.

આ વર્ષમાં સાપ્તાહિકો અને માસિકોની વૃદ્ધિ નોંધનીય છે. જેમ કે સાપ્તાહિકો ની સંખ્યા ઈ.સ 1962-63 માં 98, ઈ.સ 1963-64 માં 155, ઈ. સ 1964-65 માં 124 અને ઈ.સ 1965-66 માં 127 હતી. માસિકો ની સંખ્યા ઈ.સ 1962-63માં 260, ઈ.સ 1963-64 માં 314, ઈ.સ 1964-65માં 349 રહી હતી.

એ પછી [ઈ.સ 1967] પછીના સંદર્ભગ્રંથોમાં અખબારો વિશેની માહિતિ અલોપ થઇ જાય છે. આના કોઈ તાર્કિક કારણો પણ ઉપલબ્ધ નથી. પરંતુ રજીસ્ટ્રાર ઓફ ન્યુઝ પેપર્સ ઓફ ઇન્ડિયા નો સોળમો વાર્ષિક એહવાલ 'પ્રેસ ઇન ઇન્ડિયા: [1972] નામે પ્રકાશિત થયો છે. તેમાં પ્રાપ્ત વિગત મુજબ ગુજરાતમાં ચાર દૈનિક પ્રકાશિત થતા હતા. જયારે 37 ગુજરાતી દૈનિક હતા. એક 'હોમોર્નીકસ માર્કેટ' નામે [ઈ.સ 1969] થી શરુ થયેલું અનેક ભાષી (અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, અસમિયા, મરાઠી) નામનું દૈનિક પણ હતું. અર્ધાસપ્તાહિકો ની સંખ્યા 2, સાપ્તાહિકો 143, પાક્ષિકો 7-, માસિકો 245 તેમજ અન્ય 167 પ્રકાશનો હતા.

સમગ્ર દેશની જેમ ગુજરાતે પણ (1975 ની) આંતરિક કટોકટીની અંતર્ગત પ્રી-સેન્સરશીપ જેવી બંધિયાર અવસ્થાનો અનુભવ કર્યો. સ્વાભાવિક રીતે જ આ ગાળામાં અખબારો અને સાપ્તાહિકો પાસે અસ્તિત્વ ટકાવવા સરકારી માહિતિ પ્રસ્તુત કરવી અને કટોકટી વિરુદ્ધના તમામ લાખનોનું પ્રકાશન ન કરવું એ બે જ માર્ગ રહ્યા હતા. મોટા ભાગના અખબારો એ અપનાવ્યા. જેમને તેમ ન કર્યું તેમને 'મીસા' નો અટકાયતી કાનૂન, જાહેરખબરો માં કાપ, કોર્ટ ના મુકદમા, જપ્તિ અને ઝડતીનો ભોગ બનવું પડ્યું. જોકે 'ફૂલછાબ' , 'સંદેશ', 'જનસત્તા', જેવા દૈનિકોએ તથા 'સાધના', 'ભૂમિપત્ર' વગેરે સાપ્તાહિક- પાક્ષિકો એ અને ડઝનેક અન્ય સામયિકોએ સેન્સરશીપનો એક યા બીજી રીતે પ્રતિકાર કર્યો હતો. આ વિશે હવે પછીના પ્રકરણ માં વિસ્તારથી ચર્ચા કરવાની હોવાથી અહી માત્ર ઉલ્લેખ કર્યો છે.

ત્યારબાદ [ઈ.સ 1976] ગુજરાતી 67 દૈનિકો અને અન્ય મળીને 580 પ્રકાશનો હતાં. ઈ.સ 1975માં આ સંખ્યા 567 ની હતી. તેમણે [ઈ.સ 1977 માં] કટોકટી ઉઠાવી લેવાના આવી અને નવેસર થી ચૂંટણી થઇ એટલે ફરી અખબારોને લોકશાહી શાસનમાં મળતી મોકળાશની હવાનો અનુભવ થયો.

ઈ.સ 1982 માં ગુજરાતીમાં થતા પ્રકાશનોનું વર્ગીકરણ આ પ્રમાણે રહ્યું: 80 દૈનિક, 3 અર્ધસાપ્તાહિક, 173 સાપ્તાહિક, 99 પાક્ષિક, 337 માસિક, 41 ત્રિમાસિક 24 અન્ય, 9 વાર્ષિક, કુલ સંખ્યા 725, ભાષાવાર પ્રકાશનો ની ગણતરી પ્રમાણે હિન્દી 6,

અંગ્રેજી 53, ગુજરાતી 557, મરાઠી 1, સિંધિ 8, દ્વિભાષી 28, વિવિધભાષી 18, કુલ વિતરણ 25.52 લાખનું હતું.

ઈ.સ 1986 માં અંતે ભારતમાં 26.614 પ્રકાશનો થતાં હતાં. પાછલા વર્ષ કરતા આ વૃદ્ધિ 3.9 ટકાની હતી. 92 ભાષામાં પ્રકાશિત થઇ રહેલા પ્રકાશનો, ઈ.સ 1988 ના અંતે જે સ્થિતિ એ પહોચ્યા તેમાં ગુજરાતી અખબારોની સંખ્યા 41 અને સપ્તાહીકોની 188 હતી. ભાષાકીય રીતે આ સ્થાન હિન્દી, ઉર્દુ, મરાઠી, મલયાલમ, તમિલ, કન્નડ, બંગાળી, તેલુગુ પછી આવતું હતું.

એકવીસમી સદીના છેલ્લા દસકના પ્રારંભે ભારતમાં 41 અખબારોએ 100 થી વધુ વર્ષની મંઝીલ પાર કરી હતી. તેમાંનું 'મુંબઈ સમાચાર' સૌથી જૂનું અખબાર, એ વાત ગુજરાતી પત્રકારત્વ ને માટે ગૌરવભરી ગણાય.આ વર્ષ દરમિયાન ગુજરાતમાં 48 દૈનિકો, 4 અર્ધસાપ્તાહિક, 225 સાપ્તાહિક, 108 પાક્ષિક, 677 માસિક, 41 ત્રિમાસિક, અન્ય 27 અને 9 વાર્ષિક એમ કુલ 830 પ્રકાશનો થયા છે."

દેશમાં કાર્યરત વિવિધ સમાચાર- સંસ્થાઓ સ્વાતંત્ર્યત્તર ભારતીય પત્રકારત્વ એક અંગ રૂપ સમાચાર- સંસ્થાઓ પણ છે., જે અખબારોને દેશ-વિદેશના સમાચારો પૂરા પાડવાનું મહત્વનું કાર્ય કરતી રહી છે.ભારતીય અખબારો સાથે સંબધિત ચાર પ્રમુખ સમાચાર-સંસ્થાઓ છેઃ ધ પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા (પી. ટી. આઈ), યુનાઈટેડ ન્યુઝ ઓફ ઇન્ડિયા (યુ.એન. આઈ), હિન્દુસ્તાન સમાચાર અને સમાચાર ભારતી.

## ઉપસંહાર

ભાવનગરમાં જ નહીં પરંતુ સૌરાષ્ટ્રને પ્રથમ પત્ર આપવાનો દાવો ભાવનગર નોંધાવે છે. ‘મનોરંજન રત્નમાળ’ અને ‘સૌરાષ્ટ્ર દર્પણ’ એ સમયના મહત્વના પત્રો હતા. આ ઉપરાંત ભાવનગરમાં ઇ.સ.1885 નાં પહેલી ઓગસ્ટના રોજ ‘પ્રિયંવદા’ નામનું માસિક શ્રી મણિલાલ નાનુભાઇ દ્વિવેદીએ શરૂ કર્યું હતું. જેમાં સ્ત્રિઓને ઉદ્દેશીને લેખો લખાતા હતા. ઇ.સ.1887 માં ખેતીવાડી ખાતાના અધિકારી શ્રી દુર્લભરામ રામજી જાનીએ ‘ખેડુત’ નામનું સામયિક શરૂ કર્યું. જેમાં ખેતી વિષયક બાબતોની ચર્ચા કરવામાં આવતી. અને ઇ.સ.1924 માં સાહિત્યસભર ‘કૌમુદી’ નામનું ત્રિમાસિક શ્રી વિજયરાય વૈધ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. અને ઇ.સ. 1938 માં વિજયરાય વૈધ દ્વારા ‘માનસિ’ નામનું સામયિક પણ શરૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમણે ‘રોહિણી’ નામનું પત્ર પણ શરૂ કર્યું. આ ઉપરાંત ઝવેરચંદ મેઘાણીનાં પુત્ર મહેન્દ્ર મેઘાણીએ 26 મી 1650 ના

રોજ 'મિલાપ' નામનું માસિક પત્ર શરૂ  કરેલું જે માત્ર ભારતમાં જ નહિં પરંતુ વિદેશમાં પણ જતુ હતું. અને વર્તમાન સમયમાં ભાવનગરમાં ગુજરાત સમાચાર, સંદેશ, પગદંડી, આજ કાલ, સૌરાષ્ટ્ર સમાચાર જેવા સમાચાર પત્રોનો સમાવેશ થાય છે.          .

******

## પાદનોંધ

1. ડૉ. દલાલ, યાસીન, '**મહાન પત્રકારો**', પૃ.55
2. વૈધ, વિજયરાજ કલ્યાણરાય '**ગત શતકનુ સહિત્ય**', પૃ.280
3. ડૉ. દલાલ, યાસીન, '**અખબારી ઇતિહાસ**', પૃ.16
4. એજન, પૃ.64
5. મહેતા, યશવંત, '**અર્ધ શતાબ્દીનુ અવલોકન**', પૃ.155
6. ડૉ. દલાલ, યાસીન, '**અખબારી ઇતિહાસ**', પૃ.155
7. એજન, પૃ.159
8. ડૉ. દલાલ, યાસીન, '**માધ્યમ ચિંતન**', પૃ.17

******